# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-04-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.નમસ્કાર.....

---

## નવકાર મહામંત્ર દિવસ-રાજ્ય-કચ્છ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદના GMDC મેદાન ખાતે આજે વિશ્વ નવકાર મહામંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલા નવકાર મહામંત્ર દિવસ કાર્યક્રમનું જીવંત પ્રસારણ દર્શાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, નવકાર મહામંત્રનો પ્રત્યેક અક્ષર એક મંત્ર છે. શ્રી મોદીએ નવકાર મહામંત્રમાં ઉલ્લેખિત ભગવાનના જ્ઞાનનું વર્ણન પણ કર્યું હતું.

શ્રી મોદીએ સંબોધન દરમિયાન ઉપસ્થિત લોકોને પાણી બચાવવા, એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષ વાવવા, સ્વચ્છતા, વૉકલ ફૉર લોકલ સહિત નવ સંકલ્પ લેવડાવ્યા હતા.

દરમિયાન ભુજ જીતો ટીમ દ્વારા ભુજના ટાઉનહોલ ખાતે નવકાર મહામંત્ર જાપનું આયોજન કરાયું હતું. જેમાં  જૈન સાધુ-સાધ્વી ભગવંત સહિત વિવિધ સંપ્રદાયના સાધુ-સંતો-મહંતો, સામાજિક-રાજકીય આગેવાનો તેમજ પ્રબુદ્ધ નાગરિકો, વિવિધ સમાજના આગેવાનોલ લોકો, વિવિધ શાળા પરિવારો જોડાયા હતા.

---------------------------------------------------------------------------------

## સરદાર પોસ્ટ-શહીદોને શ્રધ્ધાંજલિ:

ભારત-પાકિસ્તાનની સરહદે આવેલા કચ્છમાં આજથી 60 વર્ષ પહેલા સરદાર પોસ્ટ પર સીઆરપીએફના જવાનો ફરજ બજાવતા હતા ત્યારે પાકિસ્તાની સેનાએ રણને પચાવી પાડવા માટે આક્રમણ કર્યું હતું ત્યારે ભારતના 150 જવાનોએ પાકિસ્તાનના ત્રણ હજાર સૈનિકો સામે બહાદુરીપૂર્વક લડાઇ કરી તેઓને તગેડી મૂક્યા હતા. આ યુદ્ધમાં ભારતના 7 જવાન શહીદ થયા હતા. આ સાહસને યાદ કરવા 9 એપ્રિલે શૌર્ય દીવસ ઉજવવામાં આવે છે. આજરોજ ખાવડા

વિસ્તારમાં આવેલ રણ સરહદ ક્ષેત્રમાં સરદાર પોસ્ટ પર શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી જવાનોની વીરતા શૌર્યતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સીઆરપીએફના એડીજી દીપકકુમાર, આઇજી વીરેન્દ્ર અગ્રવાલ, બીએસએફ ડીઆઇજી અનંતકુમાર સહિતના અધિકારી હાજર રહી શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

---------------------------------------------------------------------------

## ટપાલ કચેરી-રાશનકાર્ડ ઇ-કેવાયસી:

કચ્છમાં એનએફએસએ રાશનકાર્ડ હેઠળ તમામ લાભાર્થીઓના રાશનકાર્ડ ઇ-કેવાયસી માટેની કામગીરી ચાલી રહી છે ત્યારે હવે કચ્છની 508 ટપાલ કચેરીઓમાં પણ આ કામગીરી શરૂ કરાઇ છે, જેમાં જિલ્લાના 1.63 લાખ લાભાર્થીઓને આવરી લેવાશે. કચ્છની 449 બ્રાન્ચ પોસ્ટ ઓફિસ અને અન્ય 59 મળી કુલ 508 ટપાલ કચેરીઓમાં કામગીરી ચાલી રહી છે. નોંધનીય છે કે, ટપાલ વિભાગ દ્વારા ટપાલ, પાર્સલ સંબંધિત કામગીરીની સાથે-સાથે આધારકાર્ડ, પેન્શનરોની હયાતી ખરાઇ સહિતની કામગીરી ચાલી રહી છે ત્યારે હવે રાશનકાર્ડ ઇ-કેવાયસીની કામગીરી પણ ટપાલ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------------

## ખોડાસરમાં પુલનું કામ:

ભચાઉ તાલુકાના ખોડાસરમાં 2.20 કરોડના ખર્ચે પુલ ઉપર બોક્સ કલ્વર્ટનાં કામનું ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. આ કામ શરૂ થતાં દાયકાઓ જૂની સમસ્યાથી ગામને મુક્તિ મળશે તેવો આશાવાદ વ્યક્ત કરાયો હતો. લાંબા સમયથી વરસાદમાં ખોડાસર ગામમાં આવવા-જવાનો માર્ગ બંધ થઈ જતો હતો. સંપર્કના અભાવે કોઈ આકસ્મિક પરિસ્થિતિ ઊભી થાય ત્યારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, હવે આ પુલનું કામ શરૂ થવાથી આવાગમન વધુ સરળ બનશે.

---------------------------------------------------------------------------

## ભુજમાં હોમિયોપેથી નિદાન કેમ્પ-માહિતી:

સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભુજ તથા આયુર્વેદ શાખા ભુજ દ્વારા આવતીકાલે વિશ્વ હોમિયોપેથી દિવસ નિમિત્તે ભુજના તર્પણેશ્વર મહાદેવ મંદિર ખાતે સવારે 9થી 1 વાગ્યા દરમિયાન વિનામૂલ્યે હોમિયોપેથી નિદાન અને સારવાર કેમ્પ સાથે હોમિયોપેથી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં વિવિધ રોગોની હોમિયોપેથી પધ્ધતિથી નિદાન અને સારવાર કરવામાં આવશે. તેમજ ડાયાબીટીસ ઓ.પી.ડી., બાળરોગ ઓ.પી.ડી., દંતરોગ ઓ.પી.ડી.ની સારવાર સાથે રોગપ્રતિકારક શક્તિવર્ધક ઔષધીનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવશે. તેમ વૈધ પંચકર્મ વર્ગ-૧ સરકારી આયુર્વેદ હોસ્પિટલની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન:

હવામાન વિભાગ દ્વારા આજે કચ્છમાં ઓરેન્જ એલર્ટની ચેતવણી વચ્ચે આકરી ગરમી અનુભવાઇ હતી. કચ્છમાં ફરીવળેલું ગરમીનું કાળઝાળ મોજું મહત્તમ તાપમાનમાં સામાન્ય ઉતાર-ચડાવ સાથે યથાવત્ રહ્યું છે.હવામાન વિભાગ દ્વારા શુક્રવારથી ગરમી ઘટવાની સંભાવના દર્શાવાઇ છે. ગઇકાલે જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાનનો પારો સતત ત્રીજા દિવસે 43 ડિગ્રીએ રહ્યો હતો, જ્યારે આજે ભુજમાં મહત્તમ તાપમાન 42.8 ડિગ્રી નોંધાયુ છે લઘુત્તમ તાપમાન 23.5 ડિગ્રી નોંધાયુ હતું. છેલ્લા ત્રણ દિવસથી હીટવેવની આગાહી વચ્ચે પ્રખર તાપના કારણે જન જીવન પ્રભાવિત થયું હતું.

---------------------------------------------------------------------------------------

## હાટકેશ પાટોત્સવ:

વડનગરા નાગર વ્યવસ્થાપક મંડળ તથા હાટકેશ પાટોત્સવ ઉજવણી સમિતિ દ્વારા 11 એપ્રિલ શુક્રવારે ભુજ ખાતે હાટકેશ પાટોત્સવની ઉજવણી કરવામાં આવશે હાટકેશ જયંતીની પૂર્વ સંધ્યાએ દાતાઓનું સન્માન,  જ્ઞાતિના કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તથા દાંડિયારાસનું

આયોજન  કરાયું છે. હાટકેશ જ્યંતીના દિવસે સમૂહ યજ્ઞોપવીત લઘુરુદ્ર હવન શોભાયાત્રા, મહાઆરતી અને સાંજે મહાપ્રસાદ યોજાશે.

---